# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **છેલ્લા 24 કલાકમાં રાજ્યના 164 તાલુકાઓમાં વરસાદ , સુરતમાં મુશળધાર દસ ઇંચ વરસાદ ખાબક્યો - મધ્ય ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી.**
2. **અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 259 મૃતકોની ઓળખ , 256 પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાયા.**
3. **ગ્રામ પંચાયત ચૂંટણીની આવતીકાલે મતગણતરીની તૈયારીઓ વચ્ચે પાદરા - સાબરકાંઠા અને દાહોદના એક - એક કેન્દ્ર પર આજે ફેર મતદાન.**
4. **ચોમાસામાં નાગરિકોને મેલેરિયાથી બચાવવા રાજ્ય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર.**
5. **અષાઢી બીજના દિવસે 101 ટ્રકો, 30 અખાડા, 18 ભજન મંડળીઓ સાથે ભગવાન જગન્નાથની નગરયાત્રા નિકળશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# STATE RAIN

રાજ્યમાં છેલ્લા ચોવિસ કલાક દરમિયાન 164 તાલુકાઓમાં અતિભારેથી મધ્યમ અને હળવો વરસાદ વરસ્યો છે. ગાંધીનગરથી જાહેર થયેલા સત્તાવાર આંકડા અનુસાર સુરત જીલ્લામાં અતિભારે વરસાદ વરસ્યો છે. જેમાં છેલ્લા ચોવિસ કલાકમાં સુરત શહેરમાં લગભગ દસ ઇંચ વરસાદ ખાબક્યો હતો જ્યારે કામરેજમાં આઠ ઇંચ જેટલો અને પલસાણામાં સાડા છ ઇંચ જેટલો મુશળધાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે સુરત અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને વરસાદી પાણીમાં ફસાયેલા લોકોને ફાયર બ્રિગેડ દ્વારા બચાવવામાં આવ્યા હતા.

અન્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસવાના અહેવાલ મળી રહ્યાં છે. અમારા બોટાદના પ્રતિનિધિ જણાવે છે કે બોટાદ શહેરમાં 5 દિવસના વિરામ બાદ શરૂ થયો વરસાદ વરસ્યો હતો.. શહેરના હવેલીચોક ,પાળીયાદ રોડ ,સ્ટેશન રોડ ,ટાવર રોડ,જ્યોતિગ્રામ સર્કલ ,ગઢડા રોડ ,સાળંગપુર રોડ ,ભાવનગર રોડ સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો..

રાજ્યના અનેક વિસ્તારોમાં પડેલા વરસાદ બાદ ડાંગ સહિતના વિસ્તારોમાં ખેડૂતોએ વાવણીનું કામ પણ શરૂ કર્યું છે.

---

# WEATHER

આજે મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. 27 જૂને રથયાત્રા દરમિયાન પણ વરસાદ પડવાની શક્યતા છે. આજે અમદાવાદમાં યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આગામી સાત દિવસ દરમિયાન રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી 4 દિવસ વીજળીના કડાકા અને ગાજવીજ સાથે વરસાદ પડવાની પણ સંભાવના હવામાન વિભાગના વડા ડૉ.એ.કે.દાસે વ્યક્ત કરી છે.

## બાઇટ : ડૉ.એ.કે.દાસ હવામાન વિભાગના વડા

---

# JAMNAGAR RAIN

જામનગરમાં શ્રીકાર વરસાદ થતાં જામનગર શહેરની જીવાદોરી સમાન રણજીતસાગર ડેમ અને અન્ય ડેમ તળાવમાં પાણીની સારી આવક થઇ છે. આ ડેમ ઓવરફ્લો થતાં જામનગર મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા પ્રાચીન પરંપરા મુજબ શાસ્ત્રોતવિધિથી મેયર વિનોદ ખીમસૂરિયા હસ્તે નવા નિરના વધામણા કરવામાં આવ્યા હતા,

## બાઈટ : વિનોદ ખીમસુરીયા (મેયર જામનગર)

---

# DNA MATCHING

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં DNA ટેસ્ટથી ૨૫૩ અને ચહેરાથી 6 એમ કુલ 259 મૃતકોની ઓળખ થઇ ચુકી છે, જેમાંથી 256 પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા છે, એમ સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું.

## બાઇટ- ડો.રાકેશ જોષી. સિવિલ સુપ્રિટેન્ડન્ટ, અમદાવાદ

---

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની રવિવારે યોજાયેલી ચૂંટણી માટે આવતીકાલે મતગણતરી હાથ ધરાશે. રાજ્યની 8 હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં 3 હજાર 656 સરપંચની જગ્યાઓ અને 16 હજાર 224 સભ્ય બેઠકો માટે મતદાન યોજાયું હતું.

જો કે સાબરકાંઠાની ઝીઝવા અને દાહોદની મોટીહાંડી ગ્રામપંચાયતની ચૂંટણીમાં મતપત્રોમાં ક્ષતિ જણાતા આ બંને બેઠક માટે તથા પાદરા તાલુકાની નરસિંહપુરા ગ્રામ પંચાયતની એક બેઠક પર મતદાર અનુસરણ પ્રક્રિયામાં ભૂલ હોવાથી આજે ફેર મતદાન યોજાશે.

પાટણ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું.

મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ સીલબંધ મતપેટીઓ સલામત રીતે પોલીસ બંદોબસ્ત  વચ્ચે સ્ટ્રોંગરૂમમાં લઈ જવામાં આવી હતી. હવે આવતીકાલે મતગણતરી હાથ ધરશે.

---

# MALERIA NIRMULAN

ચોમાસામાં અગમચેતીના ભાગરૂપે ‘ મેલેરિયા નિર્મૂલન’ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.. આ માટે પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત રીતે ઢાંકવા, ઘરની આજુબાજુ પાણી ભરાવા ન દેવું, મચ્છરદાનીનો ઉપયોગ કરવા જેવી વિવિધ સાવચેતી રાખવાથી સલાહ આપવામાં આવી છે. જો શરીરમાં તાવની અસર દેખાય તો લોહીની તપાસ કરાવવી અને તપાસ દરમિયાન મેલેરિયાના લક્ષણો જોવા મળે તો તેની સંપૂર્ણ સારવાર લેવી સલાહ આપવામાં આવી છે. . મચ્છરથી બચવા મચ્છર વિરોધી ક્રિમ, કોઈલ અને અગરબત્તીનો ઉપયોગ કરવોની પણ માર્ગદર્શિકામાં સૂચના આપવામાં આવી છે.

---

# RATHYATRA

ભગવાન જગન્નાથની **148**મી રથયાત્રા આગામી **27** જૂનના રોજ યોજાશે. રથયાત્રામાં **18** ગજરાજો, **101** ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, **30** અખાડા, **18** ભજન મંડળીઓ સાથે **3** બેન્ડવાજાવાળા સાથે ભગવાન જગન્નાથ આનંદ અને ઉત્સાહ સાથે નગરયાત્રા કરશે..  હરિદ્વાર અયોધ્યા નાસિક, ઉજજૈન, જગન્નાથપુરી તથા સૌરાષ્ટ્રમાંથી બે હજાર  **500** જેટલા સાધુ-સંતો આવશે. જમાલપુર જગન્નાથ

મંદિરની વેબ-સાઇટ www.jagannathjiahd.org ઉપર રથયાત્રાના ઓન લાઈન દર્શન થશે.

ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ રથયાત્રા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે પરંપરાગત રીતે 27 જૂનને અષાઢી બીજ નિમિત્તે મળસ્કે ચાર વાગ્યે ભગવાનની મંગળા આરતી થશે. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ઉપસ્થિત રહેશે..

**બાઇટ- મહેન્દ્ર ઝા, ટ્રસ્ટી , જગન્નાથ મંદિર , અમદાવાદ**

---

## BHARUCH RATHYATRA

ભરૂચમાં આગામી રથયાત્રાને લઈને શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે હેતુથી ભરૂચ શહેરના એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ મથક દ્વારા સંયુક્ત રીતે ફ્લેગ માર્ચ યોજાઈ હતી.આ ફ્લેગ માર્ચ ફુરજા બંદરથી શરૂ થઈ સોનેરી મહેલ સુધીના સમગ્ર રથયાત્રાના રૂટ પર યોજાઈ હતી. એ ડિવિઝનના અને બી ડિવિઝનના પોલીસના પીએસઆઈ સહિતના કર્મચારીઓ ફેલગ માર્ચમાં જોડાયા હતા.

આ કાર્યવાહી રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ સ્થાનિકોમાં ભરોસો અને સુરક્ષાનો અનુભવ થાય તે આશયથી હાથ ધરવામાં આવી હતી.

---

# SVIP FLIGHT

મધ્ય પૂર્વમાં હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ફ્લાઇટ કામગીરી પ્રભાવિત થઈ છે.

અમદાવાદ એરપોર્ટ પરથી હવાઇ મુસાફરો કરતાં મુસાફરોને અમદાવાદ એરપોર્ટના તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવી છે કે તેઓ એરપોર્ટ પર પહોંચતા પહેલા તેમની સંબંધિત એરલાઇન્સ સાથે તેમની ફ્લાઇટ્સની સ્થિતિ તપાસે.આ સ્થિતિની જાણકારી મેળવીને જ અમદાવાદ એરપોર્ટ ઉપર પહોંચે તેવી પણ સલાહ એરપોર્ટ સત્તાવાળોએ મુસાફરોને આપી છે.

---

# SHYAMA PRASHAD MUKARJI

શ્યામાપ્રસાદ મુખર્જીનની પુણ્યતિથિ નિમિતે ગઇકાલે ભાવનગર ખાતે ભાજપ શહેર કાર્યાલય સહિત તમામ બુથ સ્તરે શ્યામાપ્રસાદજીની તસ્વીરને પુષ્પાર્પણ કરીને તેમના જીવનનું કવન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જીતુ વાઘાણી, મેયર ભરત બારડની ઉપસ્થિતિમાં ભારતીય જનતા યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

# AAVEDAN PATRA - PATAN

પાટણના પેન્શનર મંડળ દ્વારા પાટણ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને પેન્શનથી વંચિત ન રહે તે માટે  રજૂઆત કરવામાં આવી હતી. આ આવેદનપત્રમાં પેન્શનર સર્વિસ સુધારા બિલના વિરોધમાં તેમની માગણી વ્યક્ત કરાઈ હતી.

પાટણ જિલ્લા પેન્શનર મંડળના અધ્યક્ષ એ.જે. પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે , લોકસભામાં પસાર થયેલા પેન્શનર સર્વિસ સુધારા બિલમાં પેન્શનરોને આઠમા પગાર પંચમાં બાકાત રાખવામાં આવે છે એવી ભીતિ ઉભી થવા પામી છે , જે માટે દરેક જિલ્લા કક્ષાએ આવેદનપત્રો આપવાના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

---